Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

28 જૂન, 2021 / 7405

પ્રતિ,
**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: તા. 1 જુલાઈ થી વેપાર-ધંધા માટે વેકસિન સર્ટિફિકેટ ફરજીયાત કરવાના નિર્ણયને એક મહિના માટે મોકૂફ રાખવા અંગે વિનંતી**

માનનીય મુખ્યમંત્રીશ્રી,

આપની કુશળતા ઇચ્છુ છું.

હાલમાં COVID-19 મહામારીની બીજી લેહર દરમ્યાન આપશ્રી દ્વારા જે સમયસરના પગલાંઓ લઇ આ મહારામારીને ટૂંક સમય માં કાબુમાં કરવામાં જે સફળતા મેળવી છે તે બદલ અમો આપશ્રીને બિરદાવીએ છીએ.

આ મહામારીને કાબુમાં કરવા માટેનો એકમાત્ર વિકલ્પ વેક્સીન છે તે અમો પણ ચોક્કસપણે માનીએ છીએ અને એટલેજ અમોએ વેક્સિનેશન ડ્રાઈવ શરુ કરેલ અને સહુ વેપાર-ધંધાર્થીઓને વેક્સીન લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વેપાર-ધાંધા આ મહામારીને કારણે આંશિક લોકડાઉન પછી હાલમાં જ પાછા શરુ થયા છે અને બીજી બાજુ વેક્સીન મેળવવામાં હજી થોડી મુશ્કેલીઓ પડી રહી છે. તેથી આવા સંજોગોમાં તા. 1 જુલાઈ સુધીમાં વેક્સીન ન લઇ શકવાને કારણે તેમને તેમની પ્રવૃત્તિ ચાલુ રાખવા દેવામાં નહિ આવે તો તેમને ખુબ મોટો આર્થિક નુક્શાન ભોગવવું પડશે તેમજ આને કારણે બેરોજગારી પણ સર્જાશે.

તેથી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે વેપાર-ધંધા માટે તા. 1 જુલાઈ થી વેક્સીન સિર્ટીફીકેટ ફરજીયાત કરવાના નિર્ણયને એક મહિના માટે મોકૂફ રાખવામાં આવું જોઈએ જેથી વેપાર-ધંધાને વેક્સીન લેવા માટે પૂરતો સમય મળી રહે અને પ્રવૃત્તિ અટકવાને કારણે તેમને આર્થિક નુકશાન ભોગવવું પડે નહિ.

આપણા સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

**નકલ રવાના: શ્રી પ્રદીપસિંહજી જાડેજા,** માનનીય ગૃહમંત્રીશ્રી, ગુજરાત સરકાર